## જન્મદિને વધામણી



**નિકેશ બ્રહ્મભટ્ટ**
પત્રકાર
ગાંધીનગર સમાચાર
મો. ૮૪૦૧૩ ૪૫૭૦૦



**એસ એસ પટેલ**
મો. ૯૫૭૪૩ ૨૬૯૨૬

### ડાયરેક્ટ ❤ સે

એવું કેમ ?
વિવાદ
જાત સાથે કરો તો
બધા સવાલોના
જવાબ મળી જાય
અને
વિવાદ
અન્ય સાથે કરો તો
નવા સવાલો ઊભા થાય !

# માઉન્ટ કાર્મેલ શાળાના દ્વિતીય માળનો ઉદ્‌ઘાટન સમારોહ







ગાંધીનગર, તા. ૪

સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાનાં દ્વિતીય માળનું બાંધકામ પૂર્ણ થતાં આજરોજ અદ્યતન લેબોરેટરી સાથે ઉચ્ચત્તર માધ્યમિક વિભાગનો ઉદ્‌દ્ઘાટન સમારોહ રાખવામાં આવ્યો હતો. આજના સમારોહના મુખ્ય મહેમાન પ્રોવિન્સિયલ સુપિરિયર ઓફ ધ વેસ્ટન પ્રોવિન્સના સિસ્ટર નિર્મલીની એ.સી. હતા.

આ ઉપરાંત આર્ચ બિશપ થોમસ મેકવાન, ગાંધીનગર જિલ્લાના કલેકટર શ્રી. સતીશભાઇ પટેલ, તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિનાં હસ્તે રીબીન કાપી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તથા આર્ચ બિશપ થોમસ મેકવાન એ ઉપરના માળને માટે પ્રાર્થના કરી આશીર્વાદિત કર્યો. સાથે સાથે સ્વાગત ડાન્સ, શાળાના ધ્યેય જ્ઞાન અને પ્રેમને ભવાઇ શૈલી દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું. તથા, ઈશ્વરનો આભાર અને અમે હંમેશા અમારો વિકાસ કરતાં રહીશું તેવા ગીત રજૂ કરવામાં આવ્યા.સાથે સાથે શાળાનું સોવિનિયર પણ બહાર પાડવામાં આવ્યું. મુખ્ય મહેમાન પ્રોવિન્સિયલ સુપિરિયર સિસ્ટર નિર્મલીની એ.સી. એ પ્રાસંગિક પ્રવચનમાં જીવનમાં આવતા પડકારો આપણને આગળ વધવામાં મદદરૂપ થાય છે. તથા શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે તેવી શુભેચ્છા પાઠવી.

શાળાના બાંધકામમાં સિંહફાળો આપનાર એન્જિનિયર, બિલ્ડર, ફેબ્રીકેશન, કલરકામ, સુપરવાઇઝરનું બહુમાન કરવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમ આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો.

# એસ જી પ્રાથમિક શાળામાં સમૂહ ડાન્સ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગરની એસ જી પ્રાથમિક શાળામાં શુક્રવારે ધોરણ-૧ થી ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા સમૂહ ડાન્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧ થી ૪ના વિદ્યાર્થીઓએ વિવિધ ગીતો પર સમૂહ ડાન્સની સુંદર પ્રસ્તુતિ કરી હતી. દરેક ધોરણમાંથી એક ટીમને વિજેતા ઘોષિત કરવામાં આવી હતી.

## મંગળવારે અમદાવાદમાં સાહિત્યિક વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૪

ઓમ કોમ્યુનિકેશન દ્વારા આગામી મંગળવારે સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

ઓમ કોમ્યુનિકેશનના મેનેજિંગ ટ્રસ્ટી મનીષ પાઠકે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું હતું કે કવિ બાલમુકુંદ મણિશંકર દવાના ૧૦૨મા જન્મદિન પ્રસંગે 'હરિનો હંસલો' શિર્ષક હેઠળ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન આગામી તારીખ ૭ માર્ચના રોજ સાંજે ૫.૦૦ કલાકે સેમિનાર હોલ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બાલમુકુંદ દવેના જીવન-કવન અને કાવ્યસૃષ્ટિ વિશે સમર્થ સાહિત્યકાર ચંદ્રકાન્ત શેઠ વક્તવ્ય આપશે.

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા યોજાઈ પ્રિ કૉન્ફરન્સ ડિબેટ ઓન ડિમોનીટાઇઝેશન



ગાંધીનગર, તા. ૪

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા 'ઈમ્પેક્ટ ઓફ ડિમોનીટાઈઝેશન ઓન વેરીઅસ સેક્ટર્સ ઇન ઈન્ડિયન ઈકોનોમી' વિષય ઉપર એક ચર્ચાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

આ ડિબેટમાં જાણીતા શિક્ષણવિદ ડૉ. ભદ્રાયુ વછરાજાની, જીસીસીઆઈના પ્રમુખ બિપીન પટેલ, બૅન્કર હર્ષલ માંકડ, જાણીતા સીએ કેતન મહેતા, ઈકોનોમિસ્ટ ડૉ. હેમંત શાહ, ઍસ પી યુનિવર્સિટીના બિઝનેસ એડમીનીસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટના વડા ડૉ. સંદીપ ભટ્ટ અને ગુજરાત આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજના રાજ્યશાસ્ત્ર વિષયના હેડ ડૉ. હેમા જીકાદરા ઉપસ્થિત રહ્યા હતા. ચર્ચાનું સંચાલન ડૉ. ભદ્રાયુ વછરાજાની દ્વારા કરવામાં આવ્યું હતું. ચર્ચાની શરૂઆત કરતાં તેમણે જણાવ્યું હતું કે નોટબંધીના ૫૦ દિવસ દરમિયાન રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા વારંવાર નિયમો બહાર પાડવામાં આવ્યા જે પ્લાનિંગનો અભાવ દર્શાવે છે.

ચર્ચામાં ભાગ લેતાં ઈકોનોમિસ્ટ ડૉ. હેમંત શાહે જણાવ્યું હતું કે નકલી મોટો કાયદો અને વ્યવસ્થાનો સવાલ છે, જેને ઈકોનોમી સાથે કંઈ જ લેવાદેવા નથી. કાળુ નાણું આતંકવાદથી નહીં પરંતુ કરચોરી અને લાંચ-રૂશ્વતનું પરિણામ છે. જાણીતા સીએ કેતન મહેતાએ જણાવ્યું હતું કે જો ઈન્ડસ્ટ્રી કેશલેસ વ્યવહાર કરશે તો ભવિષ્યમાં આ પ્રકારનાં આકરાં પગલાંની જરૂર નહીં રહે. સાથે-સાથે ગ્રામીણ ક્ષેત્રમાં થયેલ નોટબંધીની અસર પર પણ ચર્ચા કરી હતી. જેમાં ગ્રામીણ મહિલાઓમાં પણ જાગૃતિ આપે તેવો ભાર મૂકવામાં આવ્યો હતો. ચર્ચાને અંતે વિવિધ ક્ષેત્રોમાં થયેલા નોટબંધીના ફાયદા-નુકસાન અંગે શ્રેષ્ઠ સંશોધનો સાથે હવે કૉન્ફરન્સ કરવામાં આવશે તેવો સૂર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર ડી ટી કાપડિયા, ડૉ. વિજ્ઞા ઓઝા, પૂર્વ કૉમર્સ ડીન ડૉ. જે જે ભટ્ટ અને અન્ય શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા.

## સેફ્ટી વિકની ઉજવણી નિમિત્તે

# મધુર ડેરીમાં સુરક્ષાત્મક કાર્યક્રમો યોજાયા





ગાંધીનગર, તા. ૪

દર વર્ષે માર્ચ મહિનામાં એક સપ્તાહ માટે રાષ્ટ્રીય સુરક્ષા સપ્તાહ (ઈન્ડસ્ટ્રીયલ સેફટી વિક)નું આયોજન ઔદ્યોગિક ગૃહો, કારખાનાઓમાં કરવામાં આવે છે.

ચાલુ વર્ષે પણ રાષ્ટ્રીય સુરક્ષા સપ્તાહની ઉજવણી નિમિત્તે ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર ડેરી, ગાંધીનગર દ્વારા શનિવારે મોક ડ્રીલ ઓન સાઈટ ઈમરજન્સી પ્લાન તેમજ સેફ્ટી વિષયક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મોક ડ્રીલ દ્વારા કારખાનામાં અચાનક ગેસ લિકેજ થાય ત્યારે કઈ રીતે સમગ્ર ઘટનાને કાબૂમાં લેવી અને ત્યારબાદ તાત્કાલિક શું કામગીરી હાથ ધરવી તેનું નિદર્શન કરવામાં આવ્યું હતું. સફળ મોક ડ્રીલ બદલ મેનેજિંગ ડિરેક્ટર દ્વારા સૌ પ્રતિ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. વધુમાં મધુર ડેરીની વિવિધ પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ નિહાળવા માટે ખોરજ (ડાભી) મહિલા દૂધ મંડળી અને ઓળા મહિલા દૂધ મંડળીમાંથી ૨૦૦ બહેનોએ મુલાકાત લીધી હતી. આ બહેનોને મેનેજર (પ્રોક્યોરમેન્ટ) હંસાબેન પટેલ દ્વારા ડેરી વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. મહિલાઓ આ વ્યવસાયમાં વધુમાં વધુ જોડાય અને સ્વરોજગારી પ્રાપ્ત કરે તે અંગે અભિપ્રેરણ પૂરું પાડ્યું હતું.

# કલરવ સંસ્થાના બાળસભ્યો માટે સાયન્સ સિટીનો પ્રવાસ

ગાંધીનગર, તા. ૪

કલરવ સંસ્થાના બાળમિત્ર-સભ્યોને આગામી તા.૧૯.૩.૨૦૧૭ને રવિવારના રોજ સૌને અમદાવાદ ખાતે સાયન્સ સિટીની મુલાકાતે લઈ જવાના છે.

આશાબેન સરવૈયાએ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે કલરવ સંસ્થાના વર્ષ ૨૦૧૬-૧૭ માટે વાર્ષિક સભ્ય બનેલા બાળમિત્રોએ ઓન-લાઈન કરાવેલ રજીસ્ટ્રેશન સમયે જીસ્જીથી મળેલ રજીસ્ટ્રેશનનો નંબર અને નામ સાથે આ કાર્યક્રમમાં ભાગ લેવાના ટોકન અનુદાન પેટે રૂપિયા બસો પુરા સાંજે ૫.૦૦થી ૭.૦૦ દરમિયાન ફિઝિયો થેરાપી સેન્ટર, પંચદેવ મંદિરની બાજુમાં, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે, રવિવાર અને ધૂળેટી તા.૧૩.૩.૨૦૧૭ સિવાય, રોકડમાં જમા કરાવવાના રહેશે. ટ્રાન્સપોર્ટેશન સહિતના આયોજન માટે જરૂરી સદર અનુદાનની રકમ જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૬.૩.૨૦૧૭ સાંજે ૭.૦૦ સુધીની જ છે. ઓન-ધ-સ્પોટ રજીસ્ટ્રેશન શક્ય નથી. વાર્ષિક સભ્ય બનેલા બાળમિત્રોને આ કાર્યક્રમના એસ.એમ.એસ. તથા ઈ-મેઈલ આઈડી દર્શાવેલ વાલીઓને ઈ-મેઈલથી પત્ર મોકલવામાં આવી રહેલ છે. ઉપરોક્ત અનુદાન આપેલ બાળમિત્રોના વાલીઓએ, તા. ૧૯.૩.૨૦૧૭ના રોજ સવારે ૮.૫૦ કલાકે, તેમના બાળકની સાથે તેઓની રૂચી મુજબનો થોડો નાસ્તો, પાણીની બોટલ આપીને સેકટર- ૮ ખાતે સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલના મુખ્ય દરવાજા પાસે કલરવના વોલન્ટિયર્સને સોંપવાના રહેશે. ત્યારબાદ, સાંજે ૪.૩૦ કલાકે ભૂલ્યા સિવાય, પોતાના બાળકને પરત લેવા આવવાનું છે. સૌને સમયસર અનુદાનની રકમ રોકડેથી જ જમા કરાવીને ટોકન મેળવી લેવો ફરજિયાત છે. વ્યવસ્થાના ભાગરૂપે આ ટોકનને દરેક બાળમિત્રએ સમગ્ર પ્રવાસ દરમિયાન પીન-અપ કરવાનો રહેશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# મોર બની થનગાટ કરી રહેલો સિંગર હરિઓમ ગઢવી

'મન મોર બની થનગાટ કરે...' આ ગીત હરિઓમ ગઢવીએ લલકાર્યું અને એનો એ અવાજ, બૂલંદી નિર્ણાયકોને, શ્રોતાઓને રીઝવી ગઈ અને એક ન્યૂ સૅન્સેશનનો ઉદય થયો. આ ગાયકની ઉંમર માત્ર ૧૬ વર્ષ, પણ છેલ્લાં ચાર-પાંચ વર્ષોમાં એની ગાયકીનો જાદુ ચાલ્યો છે. સુપર સિંગર ઑફ સિટી, ગાંધીનગરનો વિજેતા હરિઓમ શહેરમાં તો સૌને લાડકો બની રહ્યો છે.



ગુજરાત સરકાર દ્વારા આયોજિત બાળ યુવા પ્રતિભા શોધ સ્પર્ધામાં ૨૦૦૯ની સાલમાં વિજેતા થયા બાદ સળંગ ચાર વર્ષ એણે 'ચોટી કી પાયદાન' પર સ્થાન જમાવી રાખી એ પછી સ્વેચ્છાએ ત્યાંથી ખસી ગયો. એ દરમિયાન રાજ્યની ગુજરાતી પ્રાચીન ભજન સ્પર્ધામાં પણ સતત અવ્વલ રહ્યો છે.

લીંબડી તાલુકાના જામડી ગામના વતની સુખદેવ ગઢવીનો દીકરો હરિઓમ એ ગામનો પ્રથમ ગાયક છે. આમ તો ગઢવી-ચારણોને સરસ્વતી જીભે હો, પણ અપવાદ એવા આખા ગઢવી ગામનો પનોતો પુત્ર છે જેણે ખૂબ નાની ઉંમરમાં એના અવાજથી નામના મેળવી છે. એ સુંદર ગાય છે. હરિઓમના નાના હરિદાન ગઢવી કવાડીયા ગામના હતા, જે કવિ તરીકે પ્રખ્યાત હતા.

માય નેમ ઈઝ ખાન ફિલ્મનું ગીત 'સજદા તેરા સજદા...' એ લલકારે એટલે આફ્રિન પોકારી જવાય. હાલમાં જ યોજાયેલી 'ગુજરાત આઈડોલ' સિંગિંગ સ્પર્ધામાં ૨૦૧૬નો એ ફર્સ્ટ વિનર બન્યો હતો. જેસીઆઈ દ્વારા આયોજિત સુપર સિંગર ઑફ ધ સિટી અને ડિસ્ટ્રીક્ટ બંનેમાં એ વિજેતા જાહેર થયો હતો. સાબરકાંઠા આઈડોલ સ્પર્ધામાં પણ એ પ્રથમ વિજેતા બન્યો હતો.

ગાંધીનગરમાં 'સ્વરગુંજન' ગ્રુપ દ્વારા આયોજિત દેવાનંદના ગીતોના કાર્યક્રમમાં એણે કરાઓકે પર દેવાનંદના જૂનાં ગીતોની મોજ કરાવી પણ પબ્લિક ડિમાન્ડ પર એને ફરજિયાત 'મન મોર બની થનગાટ કરે' ગાવું પડ્યું અને એ તાળીઓથી વધાવી લેવાયું. આ સાથે ઓપન સૌરાષ્ટ્ર કરાઓકેમાં પણ 'માહી તેરી ચુનરિયા' ગીત ગાઈને એ સ્પર્ધામાં વિજેતા બન્યો હતો.

ગુજરાત સરકાર દ્વારા આયોજિત કલા ઉત્સવમાં હરિઓમ તાલુકા-જિલ્લામાં પ્રથમ આવી રાજ્ય કક્ષાએ મુખ્યમંત્રી




વિજયભાઈ રૂપાણીની હાજરીમાં વિનિંગ પરફોર્મન્સ આપી ચૂક્યો છે. એને ટ્રોફી અને કેશ પ્રાઈઝ મુખ્યમંત્રીના હસ્તે મળ્યું હતું.

દર્શન રાવલ લાઈવ ઈન કોન્સર્ટના બેનરમાં આયોજિત સ્પર્ધામાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાતના ૩૦૦ જેટલા સ્પર્ધકો પોતાના કંઠની કમાલ બતાવવા આવ્યા હતા પરંતુ હરિઓમનો મોરલો થનગાટ કરી ગયો અને એ ફર્સ્ટ રનર્સ અપ બનતાં એને ટ્રોફી સાથે પચાસ હજાર રૂપિયાનું કેશ પ્રાઈઝ મળ્યું.

આનંદ અને ગૌરવની વાત એ હતી કે આ સ્પર્ધા સાથે ફાઈનલિસ્ટમાં એકમાત્ર ગુજરાતી સ્પર્ધક આપણો હરિઓમ ગઢવી હતો. ફાઈનલમાં એણે ગાયેલા રામલીલા ફિલ્મના ગીતની ખૂબ પ્રશંસા થઈ હતી. પણ માત્ર થોડા પોઈન્ટના અંતરથી જ એ વિજેતા ટ્રોફીથી વંચિત રહી ગયો હતો. ગાંધીનગરના રાયસણ ગામમાં આવેલી સર્વોદય સ્કૂલમાં ધોરણ-૧૧માં ભણતા હરિઓમ પાસે નેચરલ વોઈસ છે. એણે જ્યારે સતત સ્કૂલની સ્પર્ધામાં જીતીને જિલ્લા લેવલે ભાગ લેવા માંડ્યો ત્યારે એમના શિક્ષકોએ ધ્યાન દોર્યું કે આને તાલીમ અપાવી જોઈએ.

ગાંધીનગરના સંગીતજ્ઞ સત્યમ રાવલે શરૂઆતમાં એને તૈયાર કારવી પ્રતિયોગીતામાં ભાગ લેવાની ટીપ્સ આપી સશક્ત બનાવ્યો. આજે એ પ્રણવ પંડ્યા પાસે તાલીમ લઈ રહ્યો છે. ગત માસે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા અને સ્મિત મ્યુઝિકના કાર્યક્રમમાં પણ એણે ધમાકેદાર પરફોર્મન્સ આપ્યું હતું.

સ્વરગુંજન ગ્રૃપ સાથે સંકળાયેલા હરિઓમ ગઢવીને રાજેન મહેતા અને પિતા સુખદેવ ગઢવી મહેનત કરાવીને આગામી સમયમાં મુંબઈ તૈયારી કરવા મોકલવાના છે. થોડા સમય પૂર્વે પ્રદર્શિત થયેલી મસ્તીખોર ફિલ્મનું ટાઈટલ સોંગ આ ટીનેજર હરિઓમે ગાયેલું છે, જે ફિલ્મમાં હિતુ કનોડિયા હીરો તરીકે છે. હરિઓમના કંઠે કસુંબીનો રંગ ગીત સાંભળવું એ એક લહાવો છે. આવનારા સમયમાં આ હરિઓમ ગાયન ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવશે એવી અપેક્ષા અસ્થાને નથી.

એક ઔર વાહ

ઈવા ઈવેન્ટ એન્ડ એન્ટરટેઈનમેન્ટ દ્વારા 'વાઉ ફેક્ટર'માં દર્શન રાવલની નજરમાં વસી ગયેલા હરિઓમ ગઢવીને અમેરિકાના ટૅલેન્ટ શો માટેના ઑડિશન માટે પસંદ કરવામાં આવ્યો છે. એનો મોરલો રંગ લાવશે તો આ નિમિત્તે એને વિદેશયાત્રા થશે.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### 'મારી યાદગાર સ્કૂલ'